# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૧૩/૦૧/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

# ચેમ્બરમાં ઈન્ડોનેશિયાના રાજદૂત તથા વિયેટનામના ડે.ચિફ ઓફ મિશન સાથે વાર્તાલાપ યોજાયો

સુરતઃ શહેરની મુલાકાતે પધારેલા ઈન્ડોનેશિયાના માન્યવર રાજદૂત હિઝ એક્સલન્સી લે.જન.(રીટાયર્ડ) એન્ડી મુહમ્મદ ગાલિબ તથા વિયેટનામના મિનિસ્ટર કાઉન્સેલર તથા ડે.ચિફ ઓફ મિશન મિ.ગ્યૂએન હોઆન્હ સન સાથે શહેરના ટેક્ષ્ટાઈલ અને ડાયમન્ડ ઉદ્યોગના પ્રતિનિધિઓની ચર્ચા માટે એક કાર્યક્રમનું આયોજન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આમંત્રિત મહાનુભાવોનું પુષ્પો અને શબ્દોથી સ્વાગત કર્યું હતું. તેમણે કહયું હતું કે,ભારતના જીડીપીમાં ગુજરાતનો જે રીતે મોટો હિસ્સો છે એ રીતે જ ગુજરાતના જીડીપીના વિકાસમાં સુરતનો મોટો ફાળો હોય છે.તેમણે આમંત્રિત મહાનુભાવોને ચેમ્બરની પ્રવૃત્તિ તથા વ્યાપનો ખ્યાલ આપી સુરતના ટેક્ષ્ટાઈલ અને ડાયમન્ડ ઉદ્યોગની ગતિવિધિઓથી પણ વાકેફ કર્યા હતા.તેમણે ઈન્ડોનેશિયા અને વિયેટનામ સાથે વ્યાપાર અને ઉદ્યોગની તકો વિશે કહયું હતું કે,આ વર્ષ ગુજરાતની સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીનું છે અને સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ચેમ્બરે પણ મેગા એકિઝબિશન ઉદ્યોગ–૨૦૧૦ નું આયોજન કર્યું છે. આ એકિઝબિશનમાં એક ઈન્ફોર્મેશન પેવેલિયન ઈન્ડોનેશિયા અને વિયેટનામનું હોય તો બંને દેશો સાથેની વ્યપાર ઉદ્યોગની તકોનું આદાનપ્રદાન થઈ શકશે. તેમણે બંને દેશના મહેમાનોને ઉદ્યોગ–૨૦૧૦ના શુભારંભ સમારંભમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પણ આપ્યું હતું.

મિનિસ્ટર કાઉન્સેલર અને ડેપ્યુટી ચિફ ઓફ મિશન ઓફ વિયેટનામ મિ.ગ્યૂએન હોઆન્હ સને પોતાના વકતવ્યમાં કહયું હતું કે,સુરતની તેમની આ પ્રથમ મુલાકાત જ યાદગાર બની રહેશે કેમકે અહીંની મહેમાનગતિથી તેઓ ખૂબ પ્રભાવિત થયા છે. તેમણે વિયેટનામ વિશેની જાણકારી આપતાં કહયું કે,સૌથી સલામત રાષ્ટ્ર તરીકે આજે વિયેટનામની ગણતરી થાય છે.ઓઈલ,ગેસ અને ખનિજ સંપત્તિથી સમૃધ્ધ છે.નિકાસમાં એ કાગળ અને કાજુમાં પ્રથમ ક્રમે અને રબર અને કોફીમાં પણ અગ્રેસર છે. ભારત સાથેના રાજધ્વારી અને વ્યપારિક સંબંધો પણ વધુ મજબૂત છે.સુરતની તેમની આ મુલાકાત બાદ વ્યાપાર ઉદ્યોગના સંબંધો વધુ ગાઢ બની શકશે એવી આશા પણ તેમણે વ્યકત કરી હતી.

ઈન્ડોનેશિયાના માન્યવર રાજદૂત હિઝ એકસલન્સી એન્ડી મુહમ્મદ ગાલિબે પોતાના વકતવ્યમાં કહયું હતું કે,ઈન્ડોનૈશિયા અને ભારત વચ્ચે ઘણી બધી સાંસ્કૃતિક સમાનતા છે અને બંને દેશો વચ્ચેના સંબંધો પહેલાથી જ મજબૂત રહયા છે.વર્ષ ૨૦૦૫માં થયેલા કરાર બાદ બંને દેશો વચ્ચેના સંબધો વધુ ગાઢ બની રહયા છે.છેલ્લા બે ત્રણ વર્ષથી ઘણાં ભારતીય વ્યાપારીઓ ઈન્ડોનેશિયામાં આવી રહયા છે અને સૌથી વધુ મુડી રોકાણ કરી રહયા છે.ઈન્ડોનેશિયા ભારતીયોને વિઝા ઓન એરાઈવલની સુવિધા ઓફર કરે છે.કોલસાની ખાણો અને ટેક્ષ્ટાઈલક્ષેત્રમાં ઈન્ડોનેશિયા મોખરે છે.તેમણે એમ પણ કહયું કે માત્ર ઔદ્યોગિક કે આર્થિક વિકાસ નહીં પરંતું સાંસ્કૃતિક વિકાસ પણ જરૂરી છે. તેમણે આ મુલાકાત બાદ ભારત સાથેના સંબંધોમાં ભાઈચારાની ભાવનામાં વધારો થશે અને બંને દેશોના વિકાસની એક નવી દિશા ખુલશે એવી આશા વ્યકત કરી હતી.

ઈન્ડોનેશિયાના માન્યવર રાજદૂત હિઝ એકસલન્સી એન્ડી મુહમ્મદ ગાલિબે પ્રમુખશ્રીને ઈન્ડોનેશિયાની મુલાકાતે આવવા માટે આમંત્રણ આપ્યું હતું. પ્રમુખશ્રીએ એમના આમંત્રણનો સ્વીકાર કરી ચેમ્બરનું એક ડેલીગેશન એપ્રિલ માસમાં ઈન્ડોનેશિયાની મુલાકાત લેશેતેમ જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં ઉપસ્થિત ટેક્ષ્ટાઈલ,ડાયમન્ડ અને હેન્ડીક્રાફટક્ષેત્રના પ્રતિનિધિઓએ બંને દેશોમાં વ્યાપારની તકો વિશેના પ્રશ્નો પુછયા હતાં જેના વિસ્તૃત અને સંતોષકારક ઉત્તરો બંને મહાનુભાવોએ આપ્યા હતાં.

કાર્યક્રમનું સમાપન કરતાં ચેમ્બરના ઉપપ્રમુખ ડો.અજોય ભટટાચાર્યએ આભારવિધિ આટોપી હતી.